# રાજસ્થાનના કોટા જીલ્લાના ખુનની કોશીષના છેલ્લા દશ વર્ષથી વોન્ટેડ આરોપીને ઝડપી પાડી રાજસ્થાન પોલીસને હવાલો આપતી ક્રાઇમ બ્રાંચ.

તા.૨૮/૦૫/૨૦૧૭.

ક્રાઇમ બ્રાંચની ટીમના પોલીસ માણસો શહેર વિસ્તારમાં શરીર સબંધી તેમજ મિલ્કત સંબંધી ગુનાઓ અંગે પેટ્રોલીંગમાં નિકળેલા હતા. આ મળેલ હકીકત આધારે પાંડેસરા સુખીનગર પાસેથી આરોપી દિપક ઉર્ફે દિપુ S/O ચંદ્રપ્રકાશ પંચાલ ઉ.વ.૨૫ રહે,બમરોલી રોડ, અંબેનગર સોસાયટી મકાન નં-૭૮૯ ઉપેન્દ્રભાઇ ભૈયાના મકાનમાં ભાડેથી પાંડેસરા સુરત. મુળ વતન-પાલીયા તા.ડીગોડ જી-કોટા (રાજસ્થાન) વાળાને ઝડપી પાડેલ છે. મજકુર આરોપીની બારીકાઇથી આગવી ઢબે પુછપરછ કરતા તે (૧) રાજસ્થાન કોટા મહાવીર નગર પો.સ્ટે.ગુ.ર.નંબર-૨૧૪/૨૦૧૦ ઇ.પી.કો.કલમ ૪૫૨, ૩૦૭, ૩૮૭, ૪૨૭, ૩૪ તથા આર્મ્સ એકટ કલમ ૪/૨૫ તેમજ (૨) મહાવીર નગર પો.સ્ટે. ગુ.ર.નં. ૪૦૨/૨૦૦૮ ઇ.પી.કો.કલમ ૪૫૭, ૪૨૭ મુજબના ગુનાઓનો વોન્ટેડ આરોપી હોય તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરોપીનો કબ્જો રાજસ્થાન પોલીસને સોંપવા માટે તજવીજ કરેલ છે.

મજકુર આરોપીનો પુર્વ ઇતિહાસ તપાસતા તે રાજસ્થાન કોટા ખાતે આવેલ મહાવીર નગર પો.સ્ટે.તેમજ દાદાવાડી પોલીસ સ્ટેશનમાં આઠ જેટલા શરીર સબંધી, વાહન ચોરી અને ઘરફોડના ગુનાઓમાં પકડાય ચુકેલ છે. ઉપરોક્ત બે ગુનાઓમાં આજદિન સુધી વોન્ટેડ રહેલ હોય આરોપીને ઝડપી પાડેલ છે.